ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં વિદ્યાર્થી સંખ્યા
અને વર્ગની મહત્તમ મર્યાદા નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૦૬-૧૨૧૮(૧)-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 10 JUL 2006

વંચાણે લીધો:-

૧. શિક્ષણ વિભાગનો તા. ૭.૮.૧૯૮૭ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૨૮૦-૫૧૭૬૮-ગ.

આમુખ :-

કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓનીકચેરી દ્વારા ઉત્તર બુનિયાદી વિદ્યાલયોના વર્ગ વધારાની દરખાસ્તો નામંજુર કરવામાં આવતાં વિભાગને આવી સંસ્થાઓ દ્વારા અપીલ કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આવી નામંજુર થયેલ દરખાસ્તો સામે ઘણાં કિસ્સાઓમાં વિભાગને વર્ગ વધારાની અપીલ મળેલ છે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને મળેલ દરખાસ્તો નામંજુરીના કારણોમાં એક કારણ તરીકે ગ્રાન્ટ ઇન એઇડ કોડ ૧૯૬૪ ના ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ ના પ્રકરણ- ૪ ના (૩ ક) માં ધોરણના વર્ગોમાં પ્રવેશ સંખ્યા ઉત્તર બુનિયાદી શાળાઓમાં ૪૦ વિદ્યાર્થીઓની સંખ્યાને આધીન રહીને વર્ગખંડની વિદ્યાર્થીઓ સમાવવાની ક્ષમતાની મર્યાદામાં હોવી જોઇએ, અને વિકસિત ઉત્તર બુનિયાદી શાળામાં ધોરણ- ૮ થી ૧૦ માં પ્રવેશ આપવા માટેની અધિકતમ વિદ્યાર્થી સંખ્યા ૩૫૦ વિદ્યાર્થીઓથી વધવી જોઇએ નહીં તેવી જોગવાઇ હોવાથી શાળાઓ દ્વારા માંગેલ વર્ગવધારા સામે શાળામાં વિદ્યાર્થીઓની મહત્તમ મર્યાદા કરતાં સંખ્યા વધતી હોવાથી નામંજુર કરવામાં આવે છે.

ઉક્ત જોગવાઇને ધ્યાને લેવામાં આવે તો આવી ઉત્તર બુનિયાદી શાળાઓ કે જેમાં વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા ૩૫૦ થી વધારે છે તેવી શાળાઓને ક્યારેય પણ વર્ગ વધારો આપી શકાય તેમ નથી. ગ્રાન્ટ ઇન એઇડ કોડ ૧૯૬૪ થી અમલમાં આવેલ છે ત્યારે સંભવત: વિદ્યાર્થીઓની ઓછી ઉપલબ્ધીના કારણે સમગ્ર શાળાની સંખ્યા ૩૫૦ નક્કી કરવામાં આવી હશે. પરંતુ, હાલમાં માધ્યમિક શાળાઓમાં દરેક વર્ગના દરેક ધોરણના મહત્તમ છ વર્ગો રાખવાની પ્રથા અમલમાં છે, તે મુજબ ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં પણ દરેક ધોરણમાં મહત્તમ વર્ગ નક્કી કરવા જરુરી છે. હાલમાં મોટાભાગની ઉત્તર બુનિયાદી શાળાઓમાં ચાર ચાર વર્ગો ચાલે છે જે વિદ્યાર્થીની સંખ્યાના પ્રમાણમાં ઓછા હોય છે. વળી, કેટલાંક વિસ્તારોમાં આવેલ ઉત્તર બુનિયાદી શાળાઓ ધીરે ધીરે સામાન્ય પ્રવાહમાં ફેરવાઇ રહી છે તેથી ઉત્તર બુનિયાદી અભ્યાસ મેળવવા માટેની શાળાઓની સંખ્યા ઓછી થતી જાય છે. આ સંજોગોમાં જે વિદ્યાર્થીઓને ઉત્તર બુનિયાદી વિષયોનો અભ્યાસ કરવો છે તેમને ફરજિયાત રીતે આવી ગણી ગાંઠી શાળાઓમાં પ્રવેશ મેળવવો પડે છે જેના કારણે આવી શાળાઓ ઉપર વિદ્યાર્થીઓનું ભારણ વધતું જાય છે પરંતુ, ગ્રાન્ટ ઇન એઇડ કોડમાં જે તે સમયે મહત્તમ વિદ્યાર્થી

સંખ્યા ૩૫૦ નક્કી થયેલ હોવાથી આવી શાળાઓને વર્ગ વધારા મંજુર કરવામાં મુશ્કેલી ઉભી થતી હોવાથી ઉત્તર બુનિયાદી શાળાઓના કિસ્સામાં વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા અને મહત્તમ વર્ગોની સંખ્યામાં સુધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ** :-

પુખ્ત વિચારણાને અંતે આમુખમાં જણાવેલ પરિસ્થિતિના નિવારણ માટે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧. ઉત્તર બુનિયાદી શાળામાં વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા ૩૫૦ છે તે રદ કરવી.

૨. દરેક ધોરણમાં વર્ગદીઠ ૬૫ વિદ્યાર્થીઓનું સંખ્યા બળ નક્કી કરવું અને મહત્તમ ૬ વર્ગ મંજુર કરવા.

૩. ગ્રાન્ટ ઇન એઇડ કોડમાં જરૂરી સુધારો કરવાની દરખાસ્ત કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી તરફથી સત્વરે કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.પી.લવિંગીયા )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સે. ૧૦, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.